**અગ્રતા ક્રમઃ**

**૩૦**

**ફોલ્ડર ફાઈલ**

વિભાગ – સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– **૧૫/૪/૨૦૦૭**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ–૧૯/૦૨/૨૦૨૪**

૧૫મી ગુજરાત વિધાનસભા

**પ્રશ્ન – બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી ભીખ માંગતા બાળકોના રેસ્ક્યુ**

પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી, અને તેમનો મત વિસ્તાર –

**શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના)**

| ક્રમ | પ્રશ્નો | પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 4 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન –૧ ધારાસભ્યશ્રી – શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના)**<br>ગુજરાત રાજયના છેલ્લા ત્રણ વર્ષમાં દરેક જિલ્લામાંથી ભિક્ષાવૃતિમાંથી રેસ્ક્યુ કરેલા અને ચાઇલ્ડ વેલફેર કમિટી સમક્ષ રજુ થયેલા બાળકોની સંખ્યા કેટલી છે. | 5 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન –૨ ધારાસભ્યશ્રી –**<br>રેસ્ક્યુ થયેલ બાળકોના શૈક્ષણિક તથા આરોગ્ય વિષયક વિકાસ માટે કેવા કેવા પગલાંઓ લેવામાં આવે છે. | 7 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન –૩ ધારાસભ્યશ્રી –**<br>દરેક જિલ્લામાં ચાઇલ્ડ વેલ્ફેર કમિટીની રચના થયેલ છે? ચાઇલ્ડ વેલ્ફેર કમિટીની વિગત જિલ્લાવાઇઝ જણાવો. | 8 |
| | **પૂરક માહિતી** | |
| ૪.૧ | ગુજરાત રાજયમાં બાળ ભિક્ષા અટકાવવા થતી કામગીરી | 9 |

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2007

વિષય:

બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી ભીખ માંગતા બાળકોના રેસ્ક્યુ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 20/01/2024 | તારીખ 13/02/2024 | 30/01/2024 |

*15/4/2007 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર(ચાણસ્મા)

સામાજિક ન્યાય અને અધિકારિતા જણાવવા કૃપા કરશે કે:-

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી જિલ્લાવાર ભીખ માંગતા કેટલા બાળકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત રેસ્ક્યુ કરેલ બાળકો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોને તેઓના માતા-પિતાને પરત સોંપવામાં આવ્યા, અને

(૩) કેટલા બાળકોને ચાઈલ્ડ વેલ્ફેર અધિકારીને સોંંપવામાં આવ્યા?

----

# 30

**બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી ભીખ માંગતા બાળકોના રેસ્ક્યુ**

* **15/4/2007 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા) **:માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી જિલ્લાવાર ભીખ માંગતા કેટલા બાળકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા, | (૧) | see table below |

| જિલ્લા | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૨૨ | ૦ |
| | ૨૦૨૩ | ૬ |
| ગાંધીનગર | ૨૦૨૨ | ૨ |
| | ૨૦૨૩ | ૩ |

(૨) ઉક્ત રેસ્ક્યુ કરેલ બાળકો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોને તેઓના માતા–પિતાને પરત સોંપવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લા | સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૪ |
| ગાંધીનગર | ૫ |

(૩) કેટલા બાળકોને ચાઇલ્ડ વેલ્ફેર અધિકારીને સોંપવામાં આવ્યા?

(૩)

| જિલ્લા | સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૨ |
| ગાંધીનગર | ૦ |

---------------------------------------------------------------------------

**અગ્રતાક્રમ - ૩૦ પૂરક પ્રશ્ન- ૧**

પૂછનાર ધા.સ.શ્રી – શ્રી **દિનેશભાઇ આતાજી ઠાકોર(ચાણસ્મા)**

**પૂરક પ્રશ્ન–:- ૧ ગુજરાત રાજયના છેલ્લા ત્રણ વર્ષમાં દરેક જિલ્લામાંથી ભિક્ષાવૃતિમાંથી રેસ્કયુ કરેલા અને ચાઇલ્ડ વેલફેર કમિટી સમક્ષ રજુ થયેલા બાળકોની સંખ્યા કેટલી છે.**

જવાબ: માન. અધ્યક્ષશ્રી,

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ | ૧૩ | ૪ | ૨૧ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૧ | ૧ | ૦ | ૨ |
| ૫ | બનાસકાંઠા | ૧૨ | ૫ | ૧ | ૧૮ |
| ૬ | બોટાદ | ૪ | ૧ | ૦ | ૫ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ભરુચ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૨ | ૩ | ૫ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૪ | ૦ | ૪ |
| ૨૪ | પંચમહાલ | ૧ | ૨ | ૧ | ૪ |
| ૨૫ | પાટણ | ૦ | ૨ | ૬ | ૮ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૧૧ | ૩ | ૧૪ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૩૬ | ૨૫ | ૯ | ૭૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૯ | ૦ | ૯ |
| ૩૨ | વડોદરા | ૨૦ | ૯ | ૬૪ | ૯૩ |
| ૩૩ | વલસાડ | ૧૪ | ૩ | ૧ | ૧૮ |
| કુલ | | **૯૨** | **૮૭** | **૯૨** | **૨૭૧** |

| **અગ્રતાક્રમ – ૩૦ પૂરક પ્રશ્ન– ૨**<br>પૂછનાર ધા.સ.શ્રી – |
| --- |
| **પૂરક પ્રશ્ન–:–૨ રેસ્ક્યુ થયેલ બાળકોના શૈક્ષણિક તથા આરોગ્ય વિષયક વિકાસ માટે કેવા કેવા પગલાંઓ લેવામાં આવે છે.** |
| **જવાબ: માન. અધ્યક્ષશ્રી,**<br>તમામ જિલ્લાઓમાં રેસ્ક્યુ કરેલાં બાળકોને બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજુ કરેલ છે. દરેક બાળકનો હોમ સ્ટડી રિપોર્ટ (HSR) તૈયાર કરવામાં આવે છે. આ કુટુંબોને વિવિધ સરકારી યોજનાઓના ( જેમાં ઇ–શ્રમ કાર્ડ, પુર્ણા યોજના) જોડાણ દ્વારા સક્ષમ કરી શકાય તેમને બાળકો પુન: સોપવામાં આવે છે અને જે બાળકોને કુટુંબ દ્વારા યોગ્ય કાળજી લઇ શકવાની ક્ષમતા જણાતી નથી તે બાળકોને બાળ સંભાળ સંસ્થાઓમાં આશ્રય આપવામાં આવે છે. કુટુંબમાં અને સંસ્થામાં બંને જગ્યાએ બાળકોના શિક્ષણ માટે શાળામાં જોડાણ કરવામાં આવે છે, આરોગ્ય માટે પ્રાથમિક આરોગ્ય તપાસ કરવામાં આવે છે તેમજ આયુષ્યમાન કાર્ડ, વીમા યોજના સાથે જોડાણ કરવામાં આવે છે અને સર્વાંગી વિકાસ પર ધ્યાન આપવામાં આવે છે. |

| **અગ્રતાક્રમ – ૩૦ પૂરક પ્રશ્ન– ૩**<br>પૂછનાર ધા.સ.શ્રી – |
| --- |
| **પૂરક પ્રશ્ન–:–**૩ **ગુજરાત રાજયના કેટલાં જિલ્લામાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની રચના થયેલ છે?** |
| **જવાબ: માન. અધ્યક્ષશ્રી,**<br>ગુજરાત રાજયના તમામ જિલ્લામાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની રચના થયેલ છે. ચાઈલ્ડ વેલ્ફેર કમિટિમાં એક ચેરમેન અને ૪ સભ્યો હોય છે. |

| પૂરક માહિતી |
| --- |
| **ગુજરાત રાજયમાં બાળ ભિક્ષા અટકાવવા થતી કામગીરી** |

**જવાબ: માન.અધ્યક્ષશ્રી,**

**વિગતો**

- જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ (સુધારા ૨૦૨૧) ની કલમ ૨(૧૪) હેઠળ બાળ ભિક્ષુકોને કાળજી અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકો તરીકે આલેખાયેલા છે.
- દરેક જિલ્લામાં બાળકોની સુરક્ષા અને સલામતી માટે જિલ્લા બાળ સુરક્ષા એકમની સ્થાપના કરેલ છે.
- જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા દરેક જિલ્લામાં સમયાંતરે પોલિસને સાથે રાખી બાળ ભિક્ષુકને રેસ્ક્યુ કરવા માટેની નિયમિત યોજના બનાવેલ હોય છે. આ અન્વયે જિલ્લા બાળ સુરક્ષા એકમની ટીમ પોલિસને સાથે રાખી જ્યાં બાળ ભિક્ષુકોનું પ્રમાણ વધારે હોય તેવી જગ્યાઓ જેવી કે મંદિર, ચાર રસ્તાઓ, જહેર રસ્તાઓ જેવી જગ્યાએથી બાળકોને રેસ્ક્યુ કરી બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજુ કરે છે.
- બાળ કલ્યાણ સમિતિ બાળકની પરિસ્થિતિ (ICP-વ્યક્તિગત સંભાળ યોજના) અને પરિવારની પરિસ્થિતિ(HSR- હોમ સ્ટડી રિપોર્ટ) ના આધારે બાળકને પરિવારમાં અથવા બાળ સંભાળ ગૃહમાં રાખવાનો હુકમ કરે છે. આ સમયગાળા દરમિયાન બાળક અને પરિવારને સક્ષમ બનાવવાના વિવિધ પ્રયત્નો જેમકે, કુંટુબની સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં સુધાર, રોજગારની તાલીમ અને રોજગારની તકો સાથે જોડાણ વગેરે કરવામાં આવે છે અને બાળકને શિક્ષણ, શારિરિક અને માનસિક સ્વાસ્થ્ય, જીવન કૌશલ્યની તાલીમ વગેરે દ્વારા સક્ષમ બનાવીને પારિવારિક પુન:સ્થાપન કરવામાં આવે છે. અને જો સંસ્થામાં જ રહે તો ૧૮ થી ૨૧ વર્ષ સુધી આફ્ટર કેરનો લાભ પણ આપવામાં આવે છે. જેમાં ૬૦૦૦ રૂ. આપવામાં આવે છે.
- પુન: સ્થાપન વખતે સરકારશ્રીની સ્પોન્શરશીપ યોજના હેઠળ ૪૦૦૦ રૂ. નો લાભ બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી આપવામાં આવે છે.